## બાયડ નગરપાલિકાની પ્રથમ કારોબારી બેઠકમાં

# સ્વચ્છતા, ટ્રાફીક સમસ્યા માટે મજબૂત નિર્ણય

હિંમતનગર, તા.૨૫

ભાજપ શાસિત બાયડ નગરપાલિકાની પ્રથમ કારોબારી સમિતિની બેઠક કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલની અધ્યક્ષતામાં તેમજ પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોનીની ઉપસ્થિતિમાં યોજાઈ. બાયડના મુખ્ય બજાર, ચોઈલા રોડ, ગાબટ રોડ ઉપર ગંદકી કરતા વેપારી, લારી-ગલ્લા ધારકો સ્વચ્છતાના આગ્રહી બને તે માટે પ્રયાસ કરવાની સાથે ન છૂટકે ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનો તેમજ ટ્રાફીક સમસ્યાના કાયમી ઉકેલ માટે મજબૂત નિર્ણય લેવામાં આવ્યો છે. તા.૧ જુલાઈથી તેનો સંપૂર્ણ અમલ થશે. જ્યારે બાયડના વિકાસપથને સિનિયર સિટીઝન અને રાહદારીઓ માટે સંપૂર્ણ ખુલ્લો કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.

બાયડ નગરપાલિકામાં ભય અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનના વાયદા સાથે ભાજપ મેદાનમાં ઉતર્યું અને ઝળહળતી જીત સાથે બાયડ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. કારોબારી સમિતિની રચના પછી શુક્રવારે સવારે ૧૧-૦૦ કલાકે બાયડ નગરપાલિકા સભાખંડમાં કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જાહેરમાં ગંદકી કરતા હોય તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો જેમાં પ્રથમ વખત સૂચના અપાશે. બીજી વખત ગંદકી કરતાં જણાય તો રૂા.૧૦૦નો દંડ અને ત્યારબાદ ફરી ગંદકી કરતા જોવા મળશે તો રૂા.૨૦૦નો દંડ સ્થળ ઉપર વસુલવામાં આવશે. વર્ષોથી બાયડના મુખ્ય બજાર અને સોસાયટી વિસ્તારોમાં રખડતાં ઢોરનો ત્રાસ વધ્યો છે. અનેક વૃદ્ધોને તોફાની પશુઓએ શિંગડે ચઢાવી પટકાવી દીધા હતા ત્યારે આવનારા દિવસોમાં રખડતા ઢોરના ત્રાસમાંથી બાયડના નગરજનોને મુક્તિ મળે તે માટે રખડતા ઢોરના માલિકોને નોટિસ આપવી અને ત્યારબાદ જરૂર પડે આગળની કાર્યવાહી કરવાનો પણ નિર્ણય લીધો છે. કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીનો મોટાપાયે બગાડ થઈ રહ્યો છે.

જેથી નળ કનેક્શન ધરાવતા રહીશોએ નળ નાખ્યા ન હોય તો તે માટે નગરપાલિકા દ્વારા તેમને નળ નાખવા માટે બે વખત સમજાવાશે અને ત્યારબાદ પણ તેમાં કોઈ સુધાર નહીં આવે તો નળ કનેક્શન રદ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો છે. કારોબારી સમિતિની પ્રથમ બેઠક શરૂ થાય તે અગાઉ બાયડ પાલિકા વિસ્તારમાં કોરોનાથી મૃત્યુ પામેલા મૃતકો તેમજ બાયડ પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોનીના માતાનું તાજેતરમાં નિધન થયું હોવાથી તમામને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

પ્રથમ કારોબારી બેઠકમાં તમામ કારોબારી સભ્યો હાજર રહ્યા હતા તેમજ તેમના દ્વારા બાયડના સર્વાંગી વિકાસ માટે આવેલા સૂચનોની નોંધ લેવામાં આવી હતી.

### વેપારી અને લારી-ગલ્લાવાળા બાયડને સ્વચ્છ રાખવામાં સહયોગ આપે : કારોબારી અધ્યક્ષ



બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલે બાયડના સર્વે વેપારીઓ અને લારી-ગલ્લાવાળાઓને અપીલ કરી છે કે છેલ્લા કેટલાક સમયથી મુખ્ય બજારમાં દરરોજ સવારે સફાઈ કર્યા પછી પણ ગંદકી જોવા મળે છે. પરંતુ બાયડ પાલિકા દ્વારા હવે જાહેરમાં ગંદકી કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. આ સંજોગોમાં સૌ નાના-મોટા વેપારીઓ બાયડને જિલ્લાનું સ્વચ્છ નગર બનાવવા માટે અમૂલ્ય સહયોગ આપે તેવી અપીલ કરી છે તેમજ વિકાસપથ ઉપર કોઈપણ લારી ઉભી ન રહે અને રાહદારીઓ આસાનીથી અવર જવર કરે તે રીતે વિકાસપથ ખુલ્લો રાખવા જણાવ્યું છે.

### વાહન ટ્રાફીક માટે અડચણરૂપ બન્યું તો આવી બન્યું

બાયડના મુખ્ય માર્ગ અને ચોઈલા રોડ ઉપર રસ્તા ઉપર આડેધડ વાહનો પાર્ક થાય છે જેના કારણે માર્ગ અકસ્માતનું પ્રમાણ વધ્યું છે. જેથી બાયડ પાલિકાની પ્રથમ કારોબારી બેઠકમાં ટ્રાફીકમાં અડચણરૂપ પાર્ક થયેલા વાહનો પોલીસ દ્વારા ટોઈંગ કરી વાહન ચાલકો સામે કાર્યવાહી કરે તે માટે જરૂરી દરખાસ્ત પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાને કરવામાં આવી છે.

**રખડતા ઢોર માલિકોને નોટિસ આપી કાર્યવાહી થશે**



### સ્વામિનારાયણ સોસાયટી, વૃન્દાવન સોસાયટીના કોમન પ્લોટમાં લોક ભાગીદારીથી બ્લોક નંખાશે

બાયડ પાલિકાની કારોબારી સમિતિની બેઠકમાં સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧ તેમજ વૃન્દાવન સોસાયટીના કોમન પ્લોટમાં સરકારની યોજના અન્વયે ૭૦-૩૦ ની સ્કીમ હેઠળ લોકભાગીદારીથી બ્લોક નાખવાનો નિર્ણય કરાયો છે. અન્ય સોસાયટીના કોમન પ્લોટમાં પણ લોક ભાગીદારીથી સમાવિષ્ટ કામો કરવાનો પણ આવનારા દિવસોમાં નિર્ણય લેવાશે તેમ જાણવા મળ્યું છે.

### અનેક વિસ્તારનાં અંધારાં ઉલેચવાનો પ્રયાસ

બાયડ પાલિકા વિસ્તારના અનેક રહેણાંક વિસ્તારનો અરજણવાવ ફીડરમાં સમાવેશ થયો છે. જેથી બાયડમાં વીજળી હોય પરંતુ અરજણવાવ ફીડર બંધ હોય તો કેટલાક વિસ્તારોમાં અંધારપટ રહેતો હતો. ચોમાસા દરમ્યાન સમસ્યા વકરી હતી બાયડ પાલિકાની કારોબારી સમિતિની બેઠકમાં પણ અરજણવાવ ફીડરમાં બાયડ પાલિકાના જે વિસ્તારનો સમાવેશ થયો છે તે તમામ વિસ્તારને બાયડ ફીડરમાં સમાવવામાં આવે તે માટે વિજ તંત્રને ના-વાંધા પ્રમાણપત્ર આપવાનો નિર્ણય લેવાયો છે.

### પાલિકાના કર્મચારીઓની હાજરી પૂરવા માટે ફેઈશ વિથ થમ્બ મશીનનો ઉપયોગ થશે

બાયડ પાલિકામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓની હાજરી પૂરવા માટે અગાઉ જનરલ સભામાં થયેલા ઠરાવ પ્રમાણે ફેઈશ વિથ થમ્બ મશીનનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે અને આગામી જુલાઈથી તેનો અમલ શરૂ થઈ જાય તે પ્રકારે કામગીરી કરવામાં આવશે.

## સાબરકાંઠા, અરવલ્લીમાં વરસાદના આરંભ સાથે બિયારણ-ખાતર માટે ખેડૂતોનો ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદના આગમન સાથે શુષ્ક રહેલા બિયારણ-ખાતરના વેચાણમાં તેજી આવી છે. મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતોએ ખરીફ વાવેતર શરૂ કર્યું છે જેના કારણે કૃષિ સેવા કેન્દ્રો છેલ્લા ૨-૩ દિવસથી ખેડૂતોની હાજરીથી ધમધમવા લાગ્યાં છે. આ વર્ષે બિયારણ તેમજ ખાતરના ભાવમાં અસહ્ય ભાવ વધારો ઝીંકાયો છે છતાં ખેતી ઉપર જીવન નિર્વાહ કરતા ખેડૂતોએ મને..ક..મને બિયારણ-ખાતરની ખરીદીમાં મન પરોવ્યું છે.

વધતી જતી મોંઘવારીએ આમ આદમીનું જીવન કષ્ટમય બનાવ્યું છે તેની સાથે ખેડૂતોની હાલત પણ દયાજનક બની રહી છે. ખેડ, ખાતર, રાસાયણિક દવાઓ, બિયારણ સહિતના ભાવ ઉંચકાતાં ખેડૂતોને ખેતી કરવી પાલવે તેમ ન હોવા છતાં જીવન નિર્વાહ માટે ખેતી જ ખેડૂતો માટે આધારસ્તંભ બની છે જેના કારણે દરેક સીઝનની ખેતીમાં ખેડૂતો નસીબના સહારે પાકનું વાવેતર કરતા હોય છે. આ વખતે ધાર્યા કરતાં ચોમાસુ વહેલું શરૂ થયું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક તાલુકાઓમાં વરસાદ બાદ વાવણીલાયક ભેજ જમીનમાં થયો હોવાના કારણે સિંચાઈની સગવડ ધરાવતા વિસ્તારોમાં ખરીફ વાવેતર પૂર જોશમાં શરૂ થયું છે. વાવેતરનો આરંભ થવાની સાથે ખેતી સંલગ્ન ધંધા-રોજગારોમાં પણ નવી ચેતના જાગી છે. કોરોનાના કપરા કાળમાં અનલૉક પછી અન્ય ધંધા-રોજગાર ચેતનવંતા થયા પછી હવે બિયારણ-ખાતરના વિક્રેતાઓ માટે કમાણીની સીઝન શરૂ થઈ છે. બંન્ને જિલ્લાના કૃષિ સેવા કેન્દ્રો ઉપર ખેડૂતોની ચહલ..પહલમાં વધારો થયો છે. બિયારણ તેમજ ખાતરના ભાવ ભલે ઉંચકાયા હોય પરંતુ ખેતીનો વ્યવસાય છોડી શકાય તેમ ન હોવાથી ખેડૂતોએ ખરીફ વાવેતર માટે ખરીદીનો ધમધમાટ શરૂ કરતાં તાલુકા મથકના ખાતર-બિયારણ કેન્દ્રો ઉપર ખેડૂતોની ભીડ જોવા મળી રહી છે.

**કૃષિ સેવા કેન્દ્રો ખરીદીથી ધમધમ્યાં**

## તલોદમાં બ્લેડથી થેલીને ચીરો મારી ૧૦,૦૦૦ની તફડંચી

તલોદ, તા.૨૫

તલોદના મુખ્ય બજારમાં ખરીદી અર્થે આવેલા રાણીપુરા ગામના જીતેન્દ્રસિંહ ધનસિંહ પરમારના હાથમાંની કપડાંની થેલીને બ્લેડથી ચીરો મારી રૂા.૧૦,૦૦૦ની રોકડ રકમની તફડંચી થતાં સનસનાટી મચી હતી. ભરબજારમાં ધોળે દિવસે રોકડ રકમ ચોરાઈ જતાં તલોદ પોલીસ દોડતી થઈ છે.

ખેતીની સીઝન શરૂ થતાં બજારોમાં ખરીદી અર્થે આવતા ગ્રાહકોની ભીડમાં વધારો થવાની સાથે તાલુકા મથકોના મુખ્ય બજારોમાં ખિસ્સા કાતરૂઓ સક્રીય થયા છે. તા.૨૪ ના રોજ રાણીપુરા ગામના જીતેન્દ્રસિંહ પરમાર ખરીદી અર્થે તલોદ આવ્યા હતા અને મુખ્ય બજારમાંથી પસાર થતા હતા જે સમયે કોઈ તસ્કરે તેમના હાથમાંની કપડાની થેલી ઉપર બ્લેડથી ચીરો મારી રોકડ રકમ સેરવી લીધી હતી. દુકાનદારને ત્યાં ગયા પછી કપડાની થેલી ઉપર ચીરો જોતાં ચોંકી ઉઠ્યા હતા. ભરબજારમાં કોઈ ખિસ્સા કાતરૂએ કસબ અજમાવ્યો હોવાનું જણાઈ આવતાં તલોદ પોલીસને જાણ કરવામાં આવી છે.



### તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં સ્મૃતિ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ

બાયડ શહેર યુવા ભાજપ સંગઠન દ્વારા ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીના સ્મૃતિ દિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કર્યા પછી તક્ષશિલા વિદ્યાલય-બાયડના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા મહામંત્રી અવધેષ પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ તપન એ. પટેલ, જિલ્લા કારોબારી સભ્ય મણીભાઈ પંચાલ, બાયડ શહેર ભાજપ સંગઠન ઉપપ્રમુખ ઉમેષભાઈ જયસ્વાલ વગેરે હાજર રહ્યા હતા. સંસ્થાના સંચાલક અતુલભાઈ પટેલે સ્મૃતિ દિન નિમિત્તે ઉપસ્થિત રહેલા સૌને આવકારી વૃક્ષોનું માનવ જીવનમાં મહત્વ અને તેના ઉછેર બાબતે સૌને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બાયડ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું.

### બાયડ શહેર ભાજપના કાર્યાલયનો શુભારંભ




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડ શહેર ભાજપના કાર્યાલયનો શુક્રવારે શુભમુહર્ત ૧૨-૩૯ કલાકે બાયડ બસ સ્ટેશન વિસ્તાર નજીક આવેલા શ્રીહરિ કોમ્પલેક્ષમાં શુભારંભ થયો. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, સંગઠન મહામંત્રી દિપકભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાના કારણે અન્ય કારણે આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. બાયડ પાલિકા વિસ્તારના કાર્યકરોએ કાર્યાલયનો શુભારંભ થતાં ખુશાલી વ્યક્ત કરી હતી.

**ત્રીજી લહેરની મજબૂત દહેશત**

## વાત્રક, મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સંક્રમિત બાળકો માટે ૪૦ બેડ તૈયાર

**બજારોમાં ભીડ ઉમટી રહી છે તે જોતાં ત્રીજી લહેર વધુ ઘાતક બનવાની દહેશત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

અરવલ્લી જિલ્લામાં કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગ દ્વારા બાયડ તાલુકાની વાત્રક અને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સંક્રમિત બાળકો માટે કુલ-૪૦ બેડ તૈયાર કરાયા છે. મહામારીની હવે પછીની લહેરમાં બાળકો વધુ સંક્રમિત થાય તેવી દહેશતને પગલે ખાનગી બાળ રોગ નિષ્ણાતોને પણ સતર્ક રહેવા માટે તાકીદ કરવામાં આવી છે.

કોરોનાની ઘાતક બનેલી બીજી લહેર માંડ શાંત પડી છે ત્યાં હવે સંભવિત ત્રીજી લહેરની ચિંતા સરકારને સતાવી રહી છે. કોરોનાની સંભવિત લહેરને ધ્યાનમાં રાખી સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આગોતરી તૈયારીઓનો ધમધમાટ તમામ જિલ્લાઓમાં જોવા મળ્યો. અમદાવાદમાં તો સૌથી વધુ બાળકો સંક્રમિત થાય તેવી દહેશતને પગલે ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લામાં પણ સરકારના આદેશ અનુસાર આરોગ્ય વિભાગ દ્વારા જોખમને પહોંચી વળવા માટે સ્થાનિક તંત્ર સતર્ક બન્યું છે. પાણી પહેલાં પાળ બાંધવાનું લક્ષ્ય રાખી બાયડની વાત્રક અને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૨૦-૨૦ બેડ સંક્રમિત બાળકો માટે અત્યારથી જ તૈયાર કરી દેવાયા છે. જ્યારે ત્રીજી લહેર આવે અને બાળકો જો સંક્રમિત બને તો મૃત્યુ આંક ઘટાડવાની સાથે બાળકોને તાત્કાલિક ધોરણે સારવાર મળી રહે તે માટે વિભાગ દ્વારા ખાનગી બાળરોગ નિષ્ણાતોને પણ હોસ્પિટલોમાં બેડ તેમજ ઓક્સિજનની પૂરતી સગવડ રાખવા માટે અગાઉથી સૂચનાઓ આપવામાં આવી છે. જિલ્લાના બાળકોમાં સંક્રમણના લક્ષણો જણાઈ આવે તો ૦ થી ૫ વર્ષના બાળકોમાં વજન, ઉંચાઈ, બાળકને કોઈ રોગ છે કે કેમ તેમજ બાળકના ઓક્સિજન લેવલ સહિતની વિગતો મેળવવાની સાથે જરૂર પડે વધુ જોખમવાળા બાળકોની યાદી તૈયાર કરવા સુધીની કામગીરીનો ધમધમાટ અંદરખાને વિભાગમાં દેખાઈ રહ્યો છે.



### બાયડમાં વ્રજ વેદાંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

બાયડમાં પર્યાવરણ જાળવણી, જાગૃતિ અને મહત્વ માટે ચોમાસુ શરૂ થતાં વૃક્ષારોપણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે. બાયડ પાલિકા પૂર્વ ઉપપ્રમુખ ભલુભાઈ પટેલના ફાર્મ ઉપર વ્રજવેદાંશી ચેરીટેબલ ટ્રસ્ટ-રડોદરા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, સંગઠન મહામંત્રી દિપકભાઈ પટેલ, બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર અરવિંદભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, જલદીપભાઈ પટેલ સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના દશરથ બારોટે જણાવ્યું કે ટ્રસ્ટ દ્વારા અનેક ગ્રામ પંચાયતમાં વૃક્ષારોપણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આગામી એક દશકામાં બાયડ પંથક હરિયાળો બને તેવી નેમ સાથે વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

## અરવલ્લી મોડાસા એન્જિનયરિંગ કોલેજ ખાતે પ્રભારી મંત્રીએ વૃક્ષારોપણ કર્યું

અરવલ્લી જીલ્લામાં મહિલા મોરચા દ્વારા મોડાસા એન્જિનયરિંગ કોલેજ ખાતે વૃક્ષા રોપણ નો કાર્યક્મ યોજાયો હતો.

જે અંતર્ગત રાજ્ય કક્ષાના વન અને આદિજાતિ વિકાસ મંત્રી અને અરવલ્લી જીલ્લાનાં પ્રભારી મંત્રીશ્રી. રમણ ભાઈ પાટકર તથા સાબરકાંઠા-અરવલ્લીનાં સાંસદ સભ્યશ્રી. દીપસિંહજી રાઠોડ અને અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી. રાજેન્દ્ર ભાઈ પટેલની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું હતું, આ કાર્યક્રમનું સંચાલન અરવલ્લી જીલ્લા મહિલા મોરચાનાં મહામંત્રી હીનલ બેન ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ દુખની ઘડીમાં સ્વ.શ્રી ગુણવંતભાઈ બી.ત્રિવેદીના પરિવારના દુખના ભાગીદાર બનવા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી શૈલેષ ભાઈ, તથા શ્રી ભીખાજી ડામોર, ભિલોડા મંડલ પ્રમુખ શ્રી કાંન્તિભાઈ પટેલ સહ ઉપસ્થિત રહ્યા હતા.

**સિનેમા ગૃહના માલિકો પાયમાલ**

## ઉત્તર ગુજરાતમાં ૫૦ ટકા ક્ષમતા સાથે સિનેમા ગૃહો ચાલુ કરવા મંજૂરી

**ચોમાસામાં લગ્નના અવસરમાં ૧૦૦ વ્યક્તિની છૂટ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

કોરોનાનું સંક્રમણ ધીમું થયું છે રાજ્ય સરકારે છેલ્લા ૧૫ મહિનાથી બંધ અને પાયમાલ થયેલા સિનેમા ગૃહોના માલિકો માટે ૫૦ ટકા ક્ષમતા સાથે સિનેમા ગૃહો ચાલુ કરવા મંજૂરી આપી છે. જ્યારે ચોમાસામાં લગ્નના અવસરમાં ૧૦૦ વ્યક્તિને છૂટ આપવામાં આવી છે. જ્યારે રાત્રિ કરફ્યુ શહેરી વિસ્તારમાં રાત્રે ૧૦-૦૦ થી સવારે ૬-૦૦ સુધી કરવામાં આવ્યો છે.

કોરોનાએ સરકારી કર્મચારીઓ સિવાય તમામને પાયમાલ કરી દીધા છે. સંક્રમણ ઘટતાં સરકાર દ્વારા વ્યાપક છૂટછાટ અને અનલૉકમાં મોટાભાગની છૂટછાટ મળતાં બજારો જનમેદનીથી ઉભરાઈ રહ્યા છે. ગત રોજ પુનમના દિવસે પણ અનેક દેવમંદિરોમાં હૈયે હૈયું દળાય તેટલી ભીડ જોતાં હવે કોરોનાને પરત ફરતાં કોઈ રોકી નહીં શકે તે સુનિશ્ચિત થયું છે. ભલે ત્રીજી લહેરની સપ્ટેમ્બર મહિનામાં વૈજ્ઞાનિકોએ આગાહી કરી હોય પરંતુ ઉત્તર ગુજરાતના બજાર, શોપીંગ મોલ, દેવમંદિરોના દ્રશ્યો જોતાં જુલાઈના મધ્યમાં જ કોરોનાનું સંક્રમણ બેકાબુ બને તેવો પૂરો ભય છે. રાજ્ય સરકાર દ્વારા ગત રોજ ૩૬માંથી ૧૮ શહેરમાં કરફ્યુ મુક્તિના આદેશ આપ્યા છે. જ્યારે સિનેમા ઘરો લાંબા સમયથી બંધ હતા તેમાં ૫૦ ટકા ક્ષમતા સાથે છૂટછાટ આપવાનો નિર્ણય લેવાયો છે પરંતુ તે અગાઉ જ જિલ્લાના સાબરકાંઠા, અરવલ્લી, પાટણના મોટાભાગના સિનેમાઘરોનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો છે.



### હિંમતનગરમાં અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા ગાયનું વાછરડું ગંભીર રીતે ઇજાગ્રસ્ત

હિંમતનગરના સહકારીજીન રોડ ઉપર નૈયા પાર્ટી પ્લોટ નજીક રોડ ઉપર ગતરોજ શુક્રવારે બપોરના સુમારે અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા ગાયનું વાછરડું ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હતું વાછરડાને ટક્કર મારીને અજાણ્યો વાહનચાલક ફરાર થઈ જતા કણસતી હાલતમાં રોડ ઉપર વાછરડાને જોઈને જીવદયા પ્રેમીઓનું હ્દય દ્રવિ ઉઠતા ૧૯૨ એનિમલ એમ્બ્યુલન્સને મદદ માટે જાણ કરાઈ હતી.

